**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૫ ડીગ્રી
લઘુતમ : ૩૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૫ ટકા

# મધુર ડેરી દ્વારા 'વિશ્વ દૂધ દિવસ'ની ઉજવણી




દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. દૂધમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે ગુજરાતના લોકો કરે છે. પહેલી જુનને ''વિશ્વ દૂધ દિન'' તરીકે મનાવવામાં આવે છે. મધુર ડેરી દ્વારા આ દિવસે ડેરી સ્થિત ખોડીયાર માતાજીનો હવન અને પૂજા અર્ચનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મધુર ડેરીના ગવર્નીંગ બોર્ડ, દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, કર્મચારીઓ દ્વારા યોજાયેલ આ વિષેશ કાર્યક્રમમાં મધુર ડેરીના વિકાસ, દૂધની ગુણવત્તા સુધારવા અને ગુણવત્તાયુક્ત પશુપાલન બાબતે ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણા તથા મેનેજીંગ ડીરેક્ટરશ્રી મનોહરસિંઘ ચૌહાણ દ્વારા ભાવિ આયોજન બાબતે ઉદબોધન કર્યા હતા. મધુર ડેરીનો સંકલ્પ ગુણવત્તાયુક્ત ગાંધીનગરમાં દૂધની ગુણવત્તા બાબતે જરૂરી તમામ પ્રયત્નો કરી પશુપાલકોને સૌથી વધુ ભાવ અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે. આગામી વર્ષ ૨૦૨૦મા મધુર ડેરીના ૫૦ વર્ષ પૂર્ણ થનાર છે. આ સુવર્ણ જયંતિના ભાગરૂપે ગુણવત્તાયુક્ત દૂધ ઉત્પાદનને લક્ષમાં રાખી જરૂરી તમામ કામગીરીઓ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ તમામ મધુર કર્મચારીઓના યોગદાનને યાદ કરી વ્યક્તિગત સન્માન પણ કરવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મધુર ડેરીના પ્રોક્યોરમેન્ટ મેનેજર શ્રીમતિ હંસાબેન પટેલે કર્યુ હતુ.



## ગાંધીનગર આસપાસ ચાલતા જુગારના અડ્ડાઓ પર પોલીસના દરોડા

**સરઢવ અને મેદરા ગામમાં દરોડા પાડી પોલીસે ૧૧ જુગારીઓને પકડી પાડયા**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી રહે ગેમ્બલરો દ્વારા જુગારના અડ્ડાઓ શરૂ કરી દીધા છે. ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી સ્થાનિક પોલીસ સક્રિય થઈ ગઈ છે અને



આ દિશામાં બાતમી મેળવીને જુગારધામ પકડવાનું શરૂ કરી દીધું છે. ડભોડા પોલીસે મેદરા ગામ માં દરોડો પાડીને છ જુગારીઓ પકડી પડ્યા છે જ્યારે પેથાપુર પોલીસે બાતમીના આધારે સરઢવ ગામમાં દરોડો પાડીને પાંચ જુગારીઓને દબોચી લીધા છે. મેદરા અને સરઢવ ગામમાં દરોડા પાડીને પોલીસે ૧૧ જુગારીઓને પકડી તેમની પાસેથી મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી. આર. રાઠોડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ કિરણકુમારને બાતમી મળી હતી કે મેદરા ગામની પાણીની ટાંકી પાછળ ખુલ્લા ખેતરમાં જુગાર રમાય છે. જેના આધારે ડભોડા પોલીસે રેડ કરતાં રણાસણના સેધા ભીખાજી ઠાકોર, અશોક મફતજી ઠાકોર, દહેગામ સાંપાનો વિષ્ણુ કાળાજી ઠાકોર, નરોડાના હંસપુરા ગામનો ગીરીશ કેશાજી ઠાકોર તથા કઠવાડાના મહેશ ધનજીભાઈ પટેલ અને સંજય મનુભાઈ ઠાકોર જુગાર રમતા રંગે હાથ ઝડપાયા હતા. આરોપીઓ પાસેથી કુલ રૂ.૧૨,૦૨૫ ની કિંમતનો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ડભોડા પોલીસે તમામની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે. તો બીજી તરફ પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ. જી.એનુરકારની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે સરઢવ ગામે જનતાનગરમાં પાણીની ટાંકી પાસે જાહેરમાં જુગાર રમાય છે. પેથાપુર પોલીસે દરોડો પાડતાં સરઢવ ગામના દશરથ કેશાભાઈ રાવળ, ચમન બચુભાઈ દંતાણી, જગદીશ મંગળભાઈ બજાણીયા, નરેશ શ્રીપ્રભુદયાલ સેન તથા કલોલના કોઠાનો વસંત વિઠ્ઠલભાઈ દંતાણી જુગાર રમતે રંગે હાથ ઝડપાયા હતા. પોલીસે અંગઝડતી અને દાવ પર લાગેલા મળી ૭૩૦૦ રૂપિયા જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

## સિવિલ હોસ્પિટલમાં ટાઈગર ગૃપનું સેવાકાર્ય



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના યુવાનો હાલ વેકેશનનો સમયગાળો સમાજને ઉપયોગી એવી સકારાત્મક પ્રવૃત્તિ સાથે પસાર કરી રહ્યા છે અને તે દ્વારા સમાજમાં આજના યુવાનો પ્રત્યેનો દષ્ટિકોણ બદલવા વિચાર કરવા પ્રેરિત કરી રહ્યા છે. શહેરના ટાઈગર ગૃપના યુવાનો દ્વારા આજે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ માટે ફળોના વિતરણનું સેવા કાર્ય હાથ ધરાયું હતું.

એવું કહેવાય છે કે બિમાર વ્યકિતને દવા સાથે પૌષ્ટિક આહારની જરુર પડે છે જેમાં ફળોનો આહાર દર્દીઓને ઝડપથી સાજા થવામાં ખૂબ ઉપયોગી નિવડે છે. એમાં પણ અત્યારે ઉનાળાની સીઝનમાં ફળો સ્વાસ્થ્ય માટે ખૂબ લાભકારક હોય છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ગ્રામીણ વિસ્તારના જરુરિયાતમંદ વર્ગના દર્દીઓ મોટી સંખ્યામાં સારવાર લેવા આવે છે જેમની ફળફળાદિ ખરીદવાની ક્ષમતા હોતી નથી. આ સ્થિતિને અનુલક્ષીને શહેરના ટાઈગર ગૃપના યુવાનો દ્વારા આજે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના દર્દીઓને સફરજન તથા ચીકુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય માટે ઈન્દ્રોડા ગામના દલપત ઠાકોર દ્વારા પોતાના પોકેટમનીમાંથી આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો. યુવાનોના આ સેવાકાર્યને દર્દીઓ તથા હોસ્પિટલના સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

## પીડીપીયુ ખાતે ઈસાર ટેકનોલોજી અંગે મહત્વના એમઓયુ કરાયા

**ભારતના ઓઈલ-ગેસ ક્ષેત્રોમાંથી હાઈડ્રોકાર્બનની રીકવરી વધારવાના પ્રયાસોનું સ્ક્રિનીંગ કરવામાં ઓઈલ ઈન્ડિયા લિ. સાથેના એમઓયુ મદદરૂપ થશે**

ગાંધીનગર, તા.૧

દેશમાં ઓઈલની આયાત પરની નિર્ભરતા ઘટાડવાના હેતુથી ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા સેન્ટર ઓફ એકસલેન્સ ઓફ એન્હેન્સ્ડ રીકવરી સ્ટડીઝની સ્થાપનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભે ભારતીય ઓઈલ તથા ગેસ ક્ષેત્રોમાંથી હાઈડ્રોકાર્બનની પુનઃપ્રાપ્તિને વધારવા માટેના જરૂરી પગલાં ભારતીય ઓઈલ અને ગેસ કંપનીઓ સાથે મળીને લેવામાં આવી રહ્યા છે આ કારણે ભારત સરકાર દ્વારા પીડીપીયુને ઓકટોબર ૨૦૧૮માં છ એન્હેન્સ્ડ રીકવરી સ્ક્રિનીંગ ઈન્સ્ટિટયુટસમાં સ્થાન આપવામાં આવ્યું છે. જે આવનારા દિવસોમાં ઈઆર ટેકનોલોજીને અમલમાં મુકવા ભારતીય સ્ત્રોત ક્ષેત્રોનું સ્ક્રિનીંગ કરશે. આ દિશામાં આગળ વધવા માટે પીડીપીયુની સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીના ડાયરેકટર ડૉ. આર.કે.વીજ તથા ઓઈલ ઈન્ડિયા લિ. કંપનીના સેન્ટર ઓફ એકસલેન્સ ફોર એનર્જી સ્ટડીઝના હેડ તથા રિસર્વોઈરના જનરલ મેનેજર સાલોમભોમડો વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

એમઓયુ પ્રક્રિયા માટે ઓઈલ ઈન્ડિયાના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ સીએમડી ઉત્પલ બોરા તથા એકપ્લોરેશન એન્ડ ડેવલપમેન્ટ ડાયરેકટર પી. ચંદ્રશેખરન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્પલ બોરાએ જણાવ્યું હતું કે આ એમઓયુ ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેના તફાવતને દૂર કરવામાં મદદરૂપ બનશે તેમજ ઓઈલયુકત ક્ષેત્રોમાંથી પુનઃપ્રાપ્તિ તેમજ તેને લગતી બાબતો પર વધુ પ્રકાશ પાડશે. આ સાથે તેમણે આ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ પર ભાર મુકતા જણાવ્યું હતું કે કેટલાક ઈઓઆર પ્રોજેકટસ પહેલાથી જ તેમના ક્ષેત્રોમાં શરુ કરી દેવામાં આવ્યા છે. પીડીપીયુના ડાયરેકટર જનરલ પ્રો.સી. ગોપાલકૃષ્ણને ઓઈલ ઈન્ડિયાના ઉચ્ચ સ્તરના પ્રતિનિધિ મંડળનું સ્વાગત કર્યું હતું.



**જી ઈ કલબ દ્વારા એસએસવી કેમ્પસ ખાતે**

## આજથી એકિંટગ કલાસની નવી બેચનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૧

પરફોર્મિંગ આર્ટ્સની તાલીમમાં ગાંધીનગરની સિનિયર સંસ્થા જી ઈ કલબ દ્વારા એસએસવી કેમ્પસ, ગાંધીનગરના ઉપક્રમે પરફોર્મિંગ આર્ટ્સ એકેડેમીનો પ્રારંભ થઈ રહ્યો છે. આ એકેડેમીના માધ્યમથી કલાઓ અને સ્પોર્ટ્સની પધ્ધતિસરની તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવશે.

એકેડેમીના પ્રથમ ચરણમાં રવિવાર, તા. ૨ જૂન, ૨૦૧૯થી એકિંટગ કલાસનો આરંભ થઈ રહ્યો છે. ૮ વર્ષ કે તેથી વધુ ગમે તેટલી વય સુધીના તાલીમાર્થી એકિંટગ કલાસમાં જોડાઈ શકે છે.

એકિંટગ કલાસની પ્રથમ બેઠક તા. ૨ જૂન, ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ઓડિટોરિયમ,એસએસવી કેમ્પસ, સેકટર-૩ બી, ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે. આ બેઠકમાં એકિંટગ કલાસના શિડ્યુલ અને અન્ય વિગતોની ચર્ચા કરવામાં આવશે, તાલીમાર્થીઓને કલાસ સંબંધી જે કોઈ પ્રશ્નો હોય તેના ઉત્તરો પાઠવવામાં આવશે. તાલીમાર્થીઓ આ બેઠકમાં પોતાના વાલીઓ સાથે આવી શકે છે. આ અંગેની વધુ વિગતો માટે કુંતલ નિમાવત (મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫)નો સંપર્ક કરવા સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાયસણ પાસેથી બેફામ ગતિએ જતી કારની ટક્કરે પીડીપીયુના બે વિદ્યાર્થીઓ ઘવાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા પીડીપીયુ ખાતે બીટેક મિકેનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો ૨૫ વર્ષિય તરૂણ દિપચંદ ગુપ્તા (રહે, વાટીકા ટાઉનશીપ, સુરત) અને તેના મિત્રો પરીક્ષા પૂર્ણ થતા પોતપોતાના ઘરે જવાના હતા. તેઓ ઘરે જાય તે પહેલાં બધા મિત્રોએ બહાર જમવા જવાનું ગોઠવ્યું હતું. તરૂણ પોતાના મિત્રનું મોપેડ લઈને નિકળ્યો હતો. તેની પાછળ તેનો મિત્ર અમન અગ્રવાલ બેઠો હતો. રાત્રે પોણા આઠ વાગ્યાના સુમારે બંને પીડીપીયુ હોસ્ટેલથી નીકળીને રાયસણ ગુજરાત પાણી પુરવઠાના ગેટ પાસે પહોંચ્યા ત્યારે રોડ પર બેફામ ગતિએ અચાનક એક ફોર વ્હીલર આવી ગઈ હતી. કંટ્રોલ ન રહેતાં મોપેડ કાર સાથે અથડાઈ ગયુ હતું. જેમાં બંને વિદ્યાર્થીઓ રોડ પર પટકાયા હતા. જેમાં તરૂણને છાતી તથા માથાના ભાગે છોલાઈ ગયું હતું તો અમનને બંને હાથના કાંડા અને ડાબા સાથળના ભાગે ફ્રેકચર થઈ ગયું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો કાર ચાલક ભાગી છૂટ્યો હતો. જેને પગલે તરૂણે આ અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## એક વર્ષથી અરજી કરી નાણાં ભરી દેવા છતાં ગેસ કનેકશનથી વંચિત...!!

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં લોકસભાની ચૂંટણીઓમાં પ્રચાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમની સરકારની સિધ્ધિઓમાં દેશભરમાં ઉજજવલા યોજના અંતર્ગત ગ્રામીણ વસ્તારની મહિલાઓને ગેસ કનેકશન આપી ચુલાના ધુમાડાથી મુકિત અપાવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જો કે પ્રધાનમંત્રીના મોડેલ સ્ટેટ ગુજરાતના પાટનગરની નજીકના નવા પીપળજ ગામે પાંચ પરિવારો દ્વારા છેલ્લા એક વર્ષથી ગેસ કનેકશન માટે અરજી કરી જરુરી પૈસા ભરી દીધા હોવા છતાં ગેસ કનેકશન હજુ સુધી મળ્યું ના હોવાની વાસ્તવિકતા સામે આવી છે.

પાટનગરથી પેથાપુર થઈને આગળ વધતા આવતા નવા પીપળજ ગામે ગ્રામજનોએ ગેસ લાઈન મેળવવા સાથે મળીને અરજી કરી હતી જેના કારણે ગામના અનેક ઘરમાં ગેસ કનેકશન મળવા પામ્યા છે. જો કે આ ગામના પાંચ અરજદારોએ છેલ્લા એક વર્ષથી ગેસ કનેકશન માટે અરજી કરી જરુરી નાણાં પણ ભરી જીધા હોવા છતાં તેમને ગેસ કનેકશનથી વંચિત રખાયા છે. જીએસપીસી અને બીપીસીએલના જોઈન્ટ વેન્ચર એવી સાબરમતી ગેસ લિ. કંપની ખાતે તેમણે વર્ષ ૨૦૧૮ના ફેબ્રુઆરી માસમાં અરજી કરી નાણાં ભર્યા છે. આ અંગેની પહોંચ પણ તેમની પાસે છે પરંતુ હજુ સુધી અનેક રજૂઆતો છતાં ગેસ કનેકશન ના મળતા આખરે આ અરજદારોએ વકીલ દ્વારા કંપનીને પોતાની ફરિયાદ કરવાની ફરજ પડી છે. આ સાથે અરજદારો ઝડપથી ગેસ કનેકશન મળશે તેવી અપેક્ષા સેવી રહ્યા છે.

### @ગાંધીનગર

● સ્વત્વ યોગા સ્ટુડિયો દ્વારા સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમિયાન નિઃશુલ્ક સ્ટ્રેસ મેનેજમેન્ટ શિબિર ૪૦૩-૪૦૪, બી બ્લોક રાધે સિગ્નેચર, કુડાસણ ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ સ્થિત બગીચામાં સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન ગરમીથી બચવાના ઉપાયો, વર્લ્ડકપની શુભેચ્છા, પશુ પક્ષીઓને પીવાના પાણીની વ્યવસ્થા વિશે માર્ગદર્શન સાથે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવશે.

### ચિરવિદાય

- સ્વ. જાની જયેન્દ્રપ્રસાદ દલસુખરામ, ઉ.વ. ૭૩
- સ્વ. દંતાણી બાલુબેન દિનેશભાઈ, ઉ.વ. ૩૫
- સ્વ. રાણા સુગીબેન રણમલજી, ઉ.વ. ૭૫
- સ્વ. ડાભી સુરજબા પ્રતાપસિંહ, ઉ.વ. ૭૨

## ગુજરાતી ફિલ્મ 'બજાબા'ને ઈઝરાયેલ અને અમેરિકાના ફિલ્મ ફેસ્ટિવલમાં નોમિનેશન






**ગાંધીનગરની યુવા અભિનેત્રી વિવેકા પટેલ 'બજાબા'માં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે**
**એનએનએફમાં ફુલ લેન્થ ફિચર ફિલ્મ કેટેગરીમાં નોમિનેશન મેળવનાર એક માત્ર ગુજરાતી ફિલ્મ**

ગાંધીનગર, તા.૧

છેલ્લા ૪ વર્ષથી ઈઝરાયેલમાં યોજાતા 'નીયર નઝરેથ ફેસ્ટિવલ-એનએનએફ'માં વિશ્વભરના ૬૫ દેશોમાંથી અનેક ફિલ્મોની એન્ટ્રી આવી છે. ગઈકાલે એન્ટ્રીમાંથી સેમી ફાઈનલ નોનિમેશન્સ લિસ્ટ જાહેર કરાયું હતું. જેમાં ફુલ લેન્થ ફિચર ફિલ્મ કેટેગરીમાં ૩૧ ફિલ્મોના નામ જાહેર કરાયા છે આ ફિલ્મોમાં ભારતની કુલ ૪ ફિલ્મોનો સમાવેશ થયો છે જેમાં ગુજરાતની એક માત્ર ફિલ્મ 'બજાબા'નો સમાવેશ થયો છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે. વળી, આ ફિલ્મમાં ગાંધીનગરની ઉભરતી યુવા પ્રતિભા વિવેકા પટેલ મહ્તવની ભૂમિકા ભજવી રહ્યા છે તે પાટનગર માટે ગૌરવની વાત બનવા પામી છે. આ સાથે બજાબાને અમેરિકાના વાડિલાલ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલમાં પણ નોમિનેશન પ્રાપ્ત થયું છે.

નિર્માતા-દિગ્દર્શક અને લેખક રમેશ પટેલની ફિલ્મ 'બજાબા'ને ઈઝરાયેલના એનએનએફમાં નોમિનેશન્સ પ્રાપ્ત થતા ગાંધીનગર ઉપરાંત ગુજરાતના કલાક્ષેત્રે આનંદની લહેર પ્રસરવા પામી છે. આ ફિલ્મનો ફુલ લેન્થ ફિલ્મ કેટેગરીમાં સમાવેશ કરાયો છે. જેમાં તે ભારતની ચાર પૈકી ગુજરાતની એક માત્ર ફિલ્મ છે. આ ફિલ્મ સાબરકાંઠાના વાતાવરણમાં તેની આગવી બોલીની લઢણવાળા સંવાદો સાથે ફિલ્માવામાં આવી છે. જેમાં ગાંધીનગરની યુવા અભિનેત્રી વિવેકા પટેલ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ફિલ્મમાં ગુલાબસિંહ પઢિયાર સહનિર્માતા છે તથા ફિલ્મનું આર્ટ ડિરેકશન શૈલેષ પ્રજાપતિ દ્વારા કરાયું છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકા ખાતે યોજાતા વાડીલાલ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ નોમિનેશન પ્રાપ્ત થયું છે જેનું જુન માસમાં જ લોસ એન્જેલસ અને ન્યુ જર્સી ખાતે સ્ક્રિનીંગ યોજાવાનું છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની યુવા અભિનેત્રી વિવેકા પટેલ બજાબા ઉપરાંત આગામી ફિલ્મ 'સાહિલ'માં રાજન રાઠોડ સાથે લીડ રોલમાં દેખાશે. જેમાં હિન્દી ફિલ્મ જગતના મશહુર વિલન પ્રેમ ચોપડા પણ પહેલીવાર ગુજરાતી ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.